# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન

# જીવ જ્ઞાનની વિરાધના કેવી રીતે કરે છે ?

**નવ તત્વોની સાચી સમજણ લેવી............શ્રાવકધર્મ**
**નવ તત્વોની સમજણમાં રહેવું ...............માર્ગાનુસારીપણું**
**નવ તત્વોની શ્રધ્ધા (સ્વભાવ બનાવવો) .....સમકિત**
**નવ તત્વોનો સાક્ષાત્કાર .....................આત્મદર્શન (ક્ષાયિક સમકિત)**
**નવ તત્વોનો સર્વ સમયે સાક્ષાત્કારમાં રહેવું .કેવળજ્ઞાન**
**જીવ જેટલો નવ તત્વોની નજીક તેટલી જ્ઞાનની આરાધના**
**જેટલો નવ તત્વોથી દૂર તેટલી જ્ઞાનની વિરાધના**

## જૈનો જાગો

**લેખાંક : ૭**

આપણે આગળના લેખાંકમાં મોક્ષમાર્ગનું દુર્લભપણું શા માટે અને તેનું કારણ સત્યની ઝુરણાનો અભાવ (શાસ્ત્રની સાચી સમજણ લેવાની વૃત્તિનો અભાવ) થવાનું કારણ જ્ઞાનની વિરાધનાની વિચારણા કરી. જીવ જ્ઞાનની વિરાધના કેવી રીતે કરે છે, તેના મુખ્ય કારણોની વિચારણા કરીએ.

જીવ જ્ઞાનની વિરાધના ઘણા કારણોથી કરે છે પણ મુખ્ય શ્રી નમસ્કાર મહામંત્રના પાંચ પદો પ્રત્યે ઉદાસીનતા ધારણ કરીને કરે છે. અને પાંચ પદોમાં મુખ્ય પ્રથમ પદ, ત્રીજું પદ અને પાંચમા પદના કારણે પ્રત્યક્ષપણે જાણીને, સમજીને અને વિચારીને કરે છે. (અહંકાર, અભિમાન, માનબુધ્ધિ અને સ્વચ્છંદપણે કરે છે.)

પહેલા પદની વિચારણા કરીએ. જીવ અનંત ભવભ્રમણમાં પોતાને મળેલા કુળ પરંપરાએ ઈષ્ટદેવની (આ ભવમાં મળેલા શ્રી તીર્થંકર પરમાત્મા) વિરાધના કેવા કેવા પ્રકારે કરે છે તેના મુખ્ય મખ્ય કારણોની વિચારણા કરીએ.

### * સત્સંગ *

| | |
|---|---|
| સત્સંગ | =સત્યનો સંગ |
| સત્યનો સંગ | =સત્યની ઝુરણા |
| સત્યની ઝુરણા | =સત્યની સમજણ |
| સત્યની સમજણ | =આત્મજ્ઞાન |
| આત્મજ્ઞાન | =આત્મધર્મ |
| આત્મધર્મ | =આત્મા આત્મામાં રહે તેવો ધર્મ |
| આત્મા આત્મામાં રહે તેવો ધર્મ | =જ્ઞાન સ્વભાવ |
| જ્ઞાન સ્વભાવમાં રખાવે | =સત્સંગ |

જીવને દેરાસરમાં જવાનું મુખ્ય કારણ અનેક વિચારોમાંથી એક વિચારમાં જવાનું. સંસારના સર્વ સંબંધોનું વિસ્મરણ કરવા અને સર્વ દ્રવ્યો ઉપરથી લક્ષ હટાવીને શ્રી તીર્થંકર પરમાત્માના પ્રતિમા સ્વરૂપ એક દ્રવ્ય ઉપર દ્રષ્ટિ સ્થિર કરવા માટે દેરાસરમાં જવાનું પ્રયોજન હોય છે. અને પરમાત્માનાં સ્વરૂપનું, પરમાત્માનાં ગુણનું અને પરમાત્માનાં જ્ઞાનનું ચિંતન, મનન કરીને અનંત જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય કરી શકાય છે, તેના બદલે મોટા ભાગના જીવો દેરાસરની અંદર બીજા થકી થતા અજાણતા આશાતનાનું ધ્યાન રાખવા બેસતા હોય છે. દેરાસરમાં રંગમંડપમાં બીજાને ટોકતા હોય છે. (પરનિંદા) બીજાનો દ્વેષ કરતા હોય છે. (માનબુધ્ધિ) અને લોકોને પોતાની ભક્તિ દેખાડવાની વધારે કોશિષ કરતા હોય છે. આ કાર્ય સહજ સ્વભાવે (વિપર્યાસ બુધ્ધિના કારણે) કરે છે. તેમને ખબર નથી કે પોતે શું કરે છે ? પોતે એમ સમજે છે કે પુણ્યનું કામ કરું છું પણ તેમાં અલ્પ પુણ્ય મળે પણ અનંત અનંત એવી પરમાત્માની સન્મુખ બેસીને પરમાત્મા(જ્ઞાન)ની વિરાધના કરે છે.

**“પરપદાર્થ ઉપર ઉપયોગ મુકવો તેને શ્રી તીર્થંકર પરમાત્માએ પ્રમાદ કહેલ છે અને સ્વ (આત્મા) તરફ વૃત્તિ રાખવી તેને શ્રી તીર્થંકર પરમાત્માએ આત્મધર્મ કહેલ છે.”**

ઘણી વખત જીવો તીર્થાટન માટે જાય છે, યાત્રા પ્રવાસો યોજે છે. અને ત્યાં શ્રી તીર્થંકર પરમાત્માની અલૌકિક પ્રતિમાજીનું પ્રસન્નતાપૂર્વક ભક્તિભાવથી આરાધના કરવાથી અનંત કર્મોનો ક્ષય થાય છે. એવી પાવન ભૂમિ અને પરમ ઉપકારી સ્વરૂપનું, પરમાત્માની પ્રતિમાજીનું વિસ્મરણ કરીને જીવો સંસારભાવમાં વિશેષપણે વર્તે છે, ખાસ કરીને આહાર સંજ્ઞા, રહેવાની સારી સગવડતાએ અને દેહની અનુકૂળતાએ પરમાત્માની ભક્તિ કરવાનું વિચારીને જીવો અજ્ઞાન અવસ્થાએ જ્ઞાનની ઘણા પ્રકારે વિરાધના કરે છે. (દેહાત્મભાવ વધારે છે) **“જે તીર્થથી તરવાનું છે ત્યાં લૌકિક ભાવોમાં રહેવાથી જીવની કેવી દશા ?”**

### ત્યાગ પહેલા કે વૈરાગ્ય પહેલા ?

શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા નવ તત્વોને જીવનમાંથી સાવ વિસ્મરણ કરી નાખ્યું તે પરમાત્માની અને જ્ઞાનની મોટી વિરાધના કરી ગણાય. **“સર્વ દુઃખોનું મુળ ઈચ્છા”** અને અત્યારના જીવો પોતાની ઈચ્છાઓ પૂર્ણ કરવા માટે જે કંઈ અનુષ્ઠાનો કરે છે (પુણ્ય મેળવવાની વૃત્તિ) તે કાર્ય પરમાત્માની આજ્ઞા વિરુધ્ધનું ગણાય અને પરમાત્માની આજ્ઞાનું ઉલ્લંઘન એ જ્ઞાનની મોટી વિરાધના ગણાય, આવા પ્રકારે જીવ અજાણતા પરમાત્માની અને જ્ઞાનની વિરાધના કરે છે.

શ્રી તીર્થંકર પરમાત્માનું હૃદયપૂર્વક નામનું સ્મરણ કરવાથી અનંત કર્મોનો ક્ષય થાય છે. પરમાત્માનું નામસ્મરણ, તેમના વિશેનો વિચાર, તેમનું ચિંતન અને પરમાત્મા જે સમયે સદેહે હતા તે ક્ષેત્રનું, તે સમયનું અને તે વખતના જીવોની ધન્યતાપૂર્વકની વંદના કરીને શ્રી તીર્થંકર પરમાત્માનું અત્યંત ભાવપૂર્વક, આદરપૂર્વક, અનુકૂળ સંજોગોએ, પ્રતિકૂળ સંજોગોએ સતત સ્મરણ કરવાથી અને નિમિત્તને દોષ ન દઈને (નિમિત્તને આદરભાવમાં લઈને) પ્રભુ ઈચ્છામાં રહેવાનો પ્રયત્ન એટલે અનંત એવા જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થવાનું કારણ બને છે. **“જીવે પરમાત્માનું અનુકૂળ સંજોગોએ સ્મરણ કર્યું અને પ્રતિકૂળ સંજોગોએ વિસ્મરણ કર્યું.”** અને વિશેષ કારણોની સમજણ યોગે કરીને ભાવિ લેખાંકમાં વિચારશું.

હવે બીજા પદની વિચારણા કરીએ. જીવ બીજા પદની સહજતાથી વિરાધના જે સ્વરૂપે કરે છે તેની પોતાને પણ ખબર હોતી નથી. ઘણા જીવો મોક્ષને માનવા તૈયાર નથી. સ્વર્ગ-નરકની વાતોને કલ્પના ગણે છે અને મોક્ષમાં જઈને શું કરવું તેની ભ્રમણામાં રાચે છે. મોક્ષ વિષેની સાચું જાણવાની વૃત્તિનો અને મોક્ષનાં સ્વરૂપની જાણકારી મેળવવાનો અભાવ અને મોક્ષમાર્ગમાં ચાલતા જીવો માટે ઉપહાસ કરે છે. આવી અણસમજથી જીવ પરમાત્માના આપેલા નવ તત્વોમાંથી મોક્ષનો છેદ ઉડાડી દે છે અને ન માન્યા બરાબર કરે છે. પરમાત્માની ઉપર અજ્ઞાન અવસ્થાએ આશંકા કરે છે અને તે પ્રકારે શ્રી પરમાત્મા(જ્ઞાન)ની વિરાધના કરે છે.

હવે ત્રીજા પદની વિચારણા કરીએ. જીવે ત્રીજા પદની વિરાધના અનંતીવાર કરી તેનું કારણ સત્યની ઝુરણાનો અભાવ. ત્રીજા પદની વિરાધના જીવે લગભગ અજ્ઞાન અવસ્થામાં જ કરી છે. અને તેનું મુખ્ય કારણ જ્ઞાનીથી લઈને કેવળજ્ઞાન સુધીના જ્ઞાનનું જીવને ભાન જ ન હોવાથી (જ્ઞાનથી અપરિચિત હોવાથી) અજ્ઞાન અવસ્થાએ જ્ઞાનને ઓળખી શકતો નથી. ન ઓળખવાનું કારણ જ્ઞાનીનું જ્ઞાન અને કેવળજ્ઞાનને

### * સત્સંગનું ફળ *
**અનેક વિચારોમાંથી એક વિચારમાં લઈ જાય તેનું નામ સત્સંગ**

પ્રકાશીત થવામાં સમયનો, ક્ષેત્રનો, સંજોગનો, સંસારનો, વેશનો, ત્યાગનો, પરંપરાનો વિગેરે કોઈપણ પ્રકારનો બાધ નથી હોતો અને જ્ઞાનીનું જ્ઞાન અને કેવળજ્ઞાનીનું કેવળજ્ઞાન પ્રકાશિત થતા પહેલા તે જીવનો પૂર્ણ પુરુષાર્થ પૂર્ણરીતે ગુપ્ત

### સંવત્સરી
**તિથી માનવા માટે કે મનાવવા માટે ?**
**માનવામાં આત્મકલ્યાણ કે**
**મનાવવામાં આત્મકલ્યાણ ?**

હોય છે. પુરુષાર્થ પૂર્ણ થયા પછી, પુરુષાર્થ ગુપ્ત રહે અને પરીણામસ્વરૂપે જ્ઞાન પ્રકાશીત થાય છે. તેથી બાળજીવોને પુરુષાર્થ લક્ષમાં આવતો નથી તેથી પરીણામ (જ્ઞાન) સ્વીકારતો નથી અને તેથી ત્યાં આગળ (જ્ઞાની પાસે જઈને) અલ્પભવનું પરીણામ લઈ શકતો નથી અને દૂર રહીને અનંત એવા જ્ઞાનાવરણીય કર્મોનો ઉપાર્જન કરે છે. અને શ્રી કેવળી ભગવંત વિષે બાળજીવો માટે લખવા જેવું કંઈ નથી.

કારણ કે કેવળજ્ઞાનના દાખલા આપણા શાસ્ત્રોની અંદર એટલા બધા પડેલા છે કે જે આપણે જણાવી ન શકીએ પણ છતાં મુખ્ય સ્વરૂપે વિચારીએ. શ્રી ગૌતમ સ્વામી તાપસોને લાવતા હતા અને રસ્તામાં કેવળજ્ઞાન થાય અને શ્રી ઈલાયચીકુમારને દોરડા પર કેવળજ્ઞાન થાય છે આવા સ્વરૂપે કેવળજ્ઞાનનું પ્રકાશીતપણું થતું હોવાથી જીવોને જલ્દી માન્યમાં આવતું નથી અને આના વિશેષ કારણો ભાવિ લેખાંકમાં વિચારશું.

અને જીવે જાણતાં અજાણતાં જ્ઞાનીની કરેલી વિરાધના એટલે કે જ્ઞાનીનો બોધ શાસ્ત્રના સારસ્વરૂપ હોવાથી જીવ શાસ્ત્રની વિરાધના કરે છે. અને શાસ્ત્રની વિરાધના એટલે શાસ્ત્રના રચાવનારની વિરાધના એટલે કે શ્રી તીર્થંકર પરમાત્માની વિરાધના કરી ગણાય. જીવ અજ્ઞાન અવસ્થામાં ત્રીજા પદની વિરાધના કરતાં કરતાં પ્રથમ પદની વિરાધના કરે છે અને તે વિરાધનાના ફળસ્વરૂપે જ્ઞાનાવરણીય કર્મોનો બળવાન બંધ પાડે છે. **જ્ઞાન જ્ઞાનીના હૃદય(આત્મા)માં હોય છે** નહીં કે વેશમાં અને જીવ પરંપરાએ વેશનો આગ્રહી થવાથી વેશમાં જ્ઞાન ગોતે છે. જ્યારે જ્ઞાનને વેશનો કોઈ નિયમ હોતો નથી તેના કારણે બાળજીવ જ્ઞાન અને જ્ઞાનીને ઓળખી શકતો નથી અને તેથી દ્વેષબુધ્ધિ અથવા માનબુધ્ધિપૂર્વક વર્તીને જાણતા અજાણતા જ્ઞાનની વિરાધના કરે છે અને તેથી ઘણા ઘણા સમય સુધી જ્ઞાન, જ્ઞાની અને પરમાત્માનો ભાવિ ભવોમાં વિયોગ થાય છે.

શ્રી નમસ્કાર મહામંત્રના બાકીના બે પદો પ્રત્યે જીવ ઉદાસીનતા ધારણ કરીને જ્ઞાનની કેવી રીતે વિરાધના કરે છે તે આગળના લેખાંકમાં વિચારશું.

આનંદ - આનંદ - આનંદ
પ્રભુ-પ્રભુ-પ્રભુ

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.